# વડોદરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ટ્રાફિક કોર્ટ સમક્ષ

GJVD020104352025

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નંબર | :: | ૯૧૫૨/૨૦૨૫ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરિયાદી :- | શ્રી સરકાર |

-:: વિ રૂ ધ્ધ ::-

| | |
|---|---|
| આરોપી :- | **પ્રદિપભાઈ જગદીશભાઈ ચૌહાણ**<br>રહે. મંગલપાડે રોડ, જી.આઈ.પી.સી.એલ. સર્કલ પાસે, ખેતરમાં સમા વડોદરા. |

| |
|---|
| **ગુન્હો : બી.એન.એસ. એકટની કલમ-૨૨૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૧ મુજબ.** |

## -:: ચુ કા દો ::-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. એકટની કલમ-૨૨૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૧** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે ચાર્જશીટ રજુ થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૧૦(૧)(બી)** પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૨૭** અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦** મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે. સદર કામના આરોપીઓ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ આરોપીની **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૪** અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, સદર ગુનો પ્રથમ વખતનો ગુન્હો છે, તેમજ ભુલથી ગુનો થયેલ હોવાનું અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપેલ છે. વધુમાં આ કામે અંગઝડતીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે આરોપી કોઈ કલેઈમ કરવા માંગતા ન હોવાનું પુરસીસથી જાહેર કરેલ છે.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ આરોપીને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે, તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ધ્યાને લેતા, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪** અન્વયે આ કામના આરોપીને **બી.એન.એસ. એકટની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન–૦૭** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ તા. **૦૮** માહે : **માર્ચ** સને : **૨૦૨૫** ના રોજ **સ્પેશયલ સીટીંગમાં** વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**(એન.જે.કોઠારી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ટ્રાફીક કોર્ટ, વડોદરા.

**તા. ૦૮/૦૩/૨૦૨૫**
**સ્થળ : વડોદરા.**

Received Rs_____________
Receipt No._____________
Date :08/03/2025

Superintendent
J.M.F.C, Traffic Court, Vadodara.